નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હેઠળની હંગામી જગ્યાઓને તા: ૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૨૧/૬૧૫૮૨/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૨૩/૦૮/૨૦૨૧

વંચાણે લીધા-

૧.આ વિભાગનો તા:૦૧/૦૭/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૨૧/૧૧૮૪૫૯/જ

૨ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા:૦૨/૦૮/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/મકમ/૪/૧૨૨૬/૨૦૨૧/ક.

પ્રસ્તાવના:-

વંચાણે લીધેલ ક્રમ-૦૧ પરના વિભાગના તા:૦૧/૦૭/૨૦૨૧ના ઠરાવથી, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની વર્ગ-૧ થી વર્ગ-૪ની ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ કુલ-૭૨૫ હંગામી જગ્યાઓ અને ભરતી કેલેન્ડરમાં સમાવેશ ન કરેલ હોય એવી કુલ ૧૭૪ હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમ-૦૨ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા:૦૨/૦૮/૨૦૨૧ના પત્રથી આ વિભાગ દ્વારા ઉભી કરવામાં આવેલ જિલ્લા પંચાયત હસ્તકની હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવા માટે જરૂરી આદેશો કરવા દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

ઠરાવ:-

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, જિલ્લા પંચાયતની નીચે દર્શાવ્યા મુજબની કુલ-૫૪ હંગામી જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવા આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | હંગામી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૧૪ |
| ૨ | આંકડા મદદનીશ | ૭ |
| ૩ | સીનીયર કલાર્ક | ૮ |
| ૪ | કલાર્ક | ૮ |
| ૫ | ડ્રાઇવર | ૧૭ |
| | કુલ | ૫૪ |

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.)ની તા:૦૭/૦૬/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

1. માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૦૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા.ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
5. પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
6. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.)
9. સિલેક્ટ ફાઈલ-૨૦૨૧.